॥ ॐ अर्हं नमः ॥

# અમર તપો—એ સાધુચરિત સૂરીશ્વરજી

પૂ. આચાર્ય શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજનું સંક્ષિપ્ત જીવનચરીત્ર.

લેખકઃ—મુનિરાજશ્રી કનકવિજયજી મહારાજ.


શેઠ ચીમનલાલ સવાઈચંદ, ગોળ શેરી સુરતવાલા તરફથી ભેટ.

પ્રકાશક—
આચાર્યશ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રંથમાલા.
ગોપીપુરા—સુરત.

વીર સંવત્ ૨૪૬૭ ] ૧૦૦૦ [ વિક્રમ સંવત્ ૧૯૯૭

મુદ્રક—શા. ફકીરચંદ મગનલાલ બદામી.
મુદ્રણાલય—શ્રી "જૈન વિજયાનંદ" પ્રિ. પ્રેસ, કણપીઠ—સુરત.

નિઃસ્પૃહશિરોમણિ, સદ્ધર્મસંરક્ષક પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજયકમલસૂરિવરના પટ્ટધર અને પૂ. ઉપાધ્યાય શ્રીમદ્
વીરવિજયજી મહારાજાના શિષ્યરત્ન સકલાગમરહસ્યવેદી,
પરમગીતાર્થ, મહાન્ જ્યોતિર્વિદ્ પૂ. આચાર્યદેવ શ્રીમદ્



## વિજયદાનસૂરીશ્વરજી મહારાજ

**જન્મ : સં. ૧૯૨૪, ઝીંઝુવાડા. દીક્ષા : સં. ૧૯૪૬ ગોઘા**

ગણી–પંન્યાસ : સં. ૧૯૬૨, ખંભાત. આચાર્ય : સં. ૧૯૮૧, છાણી

**સ્વર્ગવાસ : સં. ૧૯૯૨, મહા શુ. ૨, રવિ. પાટડી (વીરમગામ)**

॥ શ્રીશંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# અમર તપો—એ સાધુચરિત સૂરીશ્વરજી

## ખરાબે ચઢતાં નાવને દિવાદાંડી સમાન—

આપણાં ભૂતકાલીન ઇતિહાસનાં પૃષ્ઠો એ મૂજબની નોંધ લે છે કે—

"લોકકલ્યાણની અખંડ વહેતી નિર્મલ ભાગીરથીમાં, જેઓએ પોતાના મન–વચન અને કાયાના પ્રવાહોને સદાએ વહેતા મૂક્યા છે, તે સાધક પુરૂષો સાચે મહાન બની શક્યા છે."

સાચી હકીકત એ છે કે પારમાર્થિક લોકકલ્યાણ, એ સ્વના વાસ્તવિક કલ્યાણની સાથે સંકળાયેલ છે, સાચી આત્મસાધકદશા આવ્યા વિના, પરના પારમાર્થિક કલ્યાણને સાધવાની ભાવના કે પ્રવૃત્તિઓ સફલ બની શકતી નથી. ભૂતકાલીન સાધક પુરૂષો માટે આપણે ઘણુંયે સાંભલીયે છીએ, શ્રદ્ધાભીનાં આપણાં હૈયાં તેમજ ભક્તિનમ્ર આપણાં મસ્તકો, એ મહાન પુરૂષોની અનુપમ મહત્તાને, અપૂર્વ સાધકદશાને, વારંવાર નમી પડે છે. કારણ–ગમે તેવા કપરા-સંયોગોમાં, પ્રતિકૂલ પરિસ્થિતિઓમાં, તે મહાન આત્માઓ સ્વ–અને પરની વાસ્તવિક સાધનાને અખંડિતપણે–અવિરત રીતિયે જાળવી શક્યા હતા. જગતના ઇતર આત્માઓ કરતાં આવા પ્રકારની અસાધારણ વિશિષ્ટતા, ખરે તે સાધુ પુરૂષોને સમાન્યમાંથી મહાન બનાવી શકવાને બસ હોય છે.

સ્વર્ગીય સાધુચરિત પૂજ્યપાદ પરમગુરૂવર્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી મહારાજા** પણ, આવાજ પ્રકારની અનુપમ-કોટિની વિશિષ્ટતાના યોગે **મહાન અને લોકોત્તર** બની શક્યા હતા. આપણી આસપાસનાં વિષમ અને મુશ્કેલીભર્યાં વતાવરણમાં જીવવાં છતાં પણ, પોતાની આત્મસાધનાના માર્ગમાં નિર્વિઘ્ને આગળ વધનારા અને તેને પૂર્ણશાંતિથી પાર ઉતરી જનારા મહાન પુરૂષોની હરોળમાં, એ પરમારાધ્યપાદ સૂરીશ્વરજી અવશ્ય આગળ આવી શક્યા હતા. આ સાધુચરિત મહાનપુરૂષ, આપણી આસપાસમાંજ જીવન જીવી, આપણી વચ્ચેથી પસાર થઈ ગયા છે. આજે એઓ-શ્રીને આપણી આસપાસમાંથી ખસ્યે સ્થૂલદષ્ટિયે સાચે ચારચાર વર્ષોના વ્હાણાઓ વહી ગયા છે. પણ સૂક્ષ્મદષ્ટિયે વિચારણા કરતાં કહેવું જોઇએ કે–એ સૂરીશ્વરજી હજીયે આપણી આસપાસમાં જ છે, ખસી ગયા નથી, ખસી શકે તેમ નથી. અનેક ભાવુકોના હૃદય-મંદિરના દેવ તરીકે એ સાધુચરિત સૂરિદેવ સદાયે જીવન્ત છે કેમકે— તે શાસનપ્રભાવક ગુરૂદેવનું વ્યક્તિત્વ કોઈ અનોખું હતું, તેઓશ્રી માનવ ન હતા પણ દેવ હતા. કારણ–માનવતાનાં સાચાં મૂલ્યો તેઓશ્રી પીછાણી શક્યા હતા, માટેજ લોકજીવનના સંસર્ગમાં રહેવા છતાંયે. તેઓ શ્રીમદ્ લોકોત્તરજીવનના સાચા અને નીડર સાધક હતા.

એથીજ આવા પ્રકારના મહાન અને જગતના સાચા સાધુ-પુરૂષનું જીવન એ આપણે માટે–આત્મસાધનના માર્ગે ગતિ કરતા સાધક આત્માઓને માટે, અવશ્ય પ્રેરણા દેનાર છે. વર્તમાન વાતા-વરણમાં વિશેષતઃ ખરાબે ચઢતા સાધક જીવનના નાવને માટે, એ સૂરીશ્વરજીના જીવન પ્રસંગો ખરેજ માર્ગદર્શન આપવાને દિવા-દાંડી સમાન છે.

**જન્મ જન્મસ્થાન અને સંસારવાસ—**

ઝાલાવાડ પ્રદેશના એક ગામમાં એ પુણ્યપુરૂષનો જન્મ થયો હતો, પૂર્વકાલમાં 'ઝીંઝૂવાડા'ના નામે ઓળખાય છે. મહાગુજરાતનું

પ્રાચીન તીર્થસ્થાન શ્રીસંખેશ્વરજી, કે જે યદુસૈન્યમારિનિવારક દેવાધીદેવ તેવીશમા તીર્થપતિ શ્રીપાર્શ્વનાથપ્રભુના અતિપ્રાચીન બિમ્બથી શોભતા અનુપમ જિનમન્દિરથી પરિમંડિત છે. ઝીંઝુવાડાની ભૂમી, તે પવિત્ર અને પ્રાચીનતમ તીર્થસ્થાનની અડાઅડ તદ્દન નજીક જેવી ગણી શકાય તેમ રહેલી છે. વિક્રમ સંવત ૧૯૨૪ના કાર્તિકશુક્લાચતુર્દશીની પુણ્યરજનીએ, પૂજનીય સૂરિજીએ જન્મ લીધો હતો, **નવલબાઈ** એ તેઓશ્રીની માતાનું નામ હતું, અને પિતાનું નામ **શ્રી જુઠાભાઇ** હતું.

જો કે જન્મ એ મહાપુરૂષોના જીવનને માટે, કોઈ અસાધારણ ઘટના નથી, કેમકે જન્મ લેવો, જીવનને પુરું કરવું, અને અન્તે મૃત્યુની વેદનાઓને ભોગવવી, એ તો પ્રત્યેક સંસારી આત્માઓને માટેનો સામાન્યક્રમ છે, છતાંયે મહાનપુરૂષોના જીવનની એ સામાન્ય ઘટનાઓ અનેકોને માટે માર્ગદર્શક બની શકે છે, મહાન આત્માઓને મહાન બનવાને સારૂ તે સઘલીયે પરિસ્થિતિઓ આદિકારણ તરિકે ગણાય છે. એટલેજ આપણે તે પૂજનીય પુરૂષોના જન્મ, જન્મસ્થાન અને જન્મ આપનાર જનેતા વિગેરેને બહુમાનપૂર્વક હૈયાના ભક્તિ ભાવથી વારંવાર પ્રશંસીયે છીએ. તે પુણ્યપુરૂષનું નામ **દીપચંદભાઈ** હતું, તેઓશ્રીના બાલ્યકાલીન સંસ્કારો અમૂક પ્રકારની અસાધારણ કોટિના હતા. એઓશ્રીના તે કાલની ચોમેરનું વાતાવરણ એ અવશ્ય અનુપમ પ્રકારનું હતું. કે જેના યોગે તે **દીપચંદભાઈ** લોકોત્તર સાધક દશાને પામી અને પચાવી શક્યા હતા. દીપચંદભાઇનો બાલ્યકાલ સામાન્યરીતિયે આનન્દ અને અભ્યાસ વચ્ચે પૂર્ણ થાય છે, યૌવનનાં આદિકાલમાં તેઓ સરકારી નોકરીમાં જોડાય છે.

મહાન પુરૂષોની સામાન્ય લાગતી જીવનચર્યાઓમાં પણ અવશ્ય મહત્તાની સુવાસ છૂપી છૂપીએ મ્હેકી રહેલી હોય છે. તે

પુરૂષોના જીવનની સામાન્ય કારવાઇઓમાં સ્હેજે અસાધારણતાનું વાતાવરણ ગુંજી રહેલું હોય છે. દીપચંદભાઇની ગૃહસ્થજીવનની ચર્યાઓ જોકે ઉપલક દૃષ્ટિયે સાધારણ લાગે છે. પણ એ જીવનચર્યાઓની આચરણા પાછલ દીપચંદભાઇના મહાન આત્મા કોઈ અલૌકિક વસ્તુની શોધ પાછલ ધૂમતો રહે છે. સરકારી હોદ્દો, યૌવનનો આદિકાલ, અને અજ્ઞાન તેમજ અમુક વર્ગનો નિત્યસંસર્ગ, આ ત્રણેય વિચિત્ર અને પ્રલોભકજનક સંયોગોમાં દીપચંદભાઇનો આત્મા અડગ રહે છે. તેઓના જીવનની સાથે જોડાયેલી અમૂક પ્રકારની ઉત્તમદશા આવા સંયોગોમાં પણ અખંડ રીતિયે જળવાઇ રહે છે. દીપચંદભાઇની માનવતાને, નીમિત્તતાને કે પ્રમાણિકતાને આ સંયોગોમાં સ્હેજ પણ આંચ આવી શકતી નથી, સાચે જ મહાન પુરૂષોના જીવનની શરુઆત મહાનપણામાંથી થાય છે.

## ધર્મની આરાધનાના માર્ગે પગલાં—

પુણ્યપુરૂષ દીપચંદભાઇ જીવનના બાવીસ વર્ષો, એ પરિસ્થિતિમાં વીતાવે છે. સંસારની સામાન્ય લીલાઓમાં એમનો મહાન આત્મા આનન્દ માણી શકતો નથી, આનન્દની સાચી શોધમાં તેઓ તલપાપડ છે- પરમાર્થના માર્ગે પ્રગતિ કરવાને, દીપચંદભાઇનો આત્મા ઝંખી રહ્યો છે. જો કે જીવનના બાવીસ વર્ષો સુધી, સંસારના સાધારણ વ્યવસાયોમાં દીપચંદભાઇ ગુંથાય છે, પરોવાય છે, છતાંયે અમૂક પ્રકારની અસાધારણ જાગૃતદશાને અવશ્ય દીપચંદભાઇનો આત્મા અનુભવે છે, માટેજ દીપચંદભાઇનું એ સંસારી જીવન લોકવ્યવહારોમાં પ્રવૃત્ત અન્ય માનવસમાજ કરતાં અનુપમકોટિનું છે ઉદારતા અને સદાચારની ખુશબો દીપચંદભાઇના સાંસારિક જીવનને ખૂબજ સુવાસમય બનાવી શકી હતી, સહિષ્ણુતા અને સદ્‌ભાવનાના નિર્મલ જલપ્રવાહો સંસારીપણે રહેલા દીપચંદભાઇના જીવનવૃક્ષને સદાયે નવપલ્લવ રાખી શક્યા હતા.

એક સુભાગી પળે દીપચંદભાઈનું જીવનવ્હેણ પલટો પામે છે. માટેજ અત્યાર અગાઉ ધર્મની આરાધના માટેની પુણ્ય સામગ્રીઓનો જે રીતિનો સદુપયોગ તેઓ ન્હોતો કરી શક્યા, તે માટે તેઓના હૈયામાં પશ્ચાતાપનો અનલ સળગવા માંડે છે. સામાન્યરીતિયે કુલપરંપરાગત જૈનધર્મના પરમારાધ્ય અનુષ્ઠાનો, પૂજા પ્રતિક્રમણ વિગેરે પરત્વે જો કે દીપચંદભાઇને પૂર્ણ ભક્તિભાવ હતો, એ ધર્માનુષ્ઠાનોની આરાધનાને માટે તેઓ યથાશક્તિ પ્રયત્નશીલ હતા, પણ એ મુજબનાં ધર્માનુષ્ઠાનોની કુલપરંપરાગત રૂઢ આરાધના તેમના હૈયાને સંતોષી શકી ન હતી, અને એટલેજ તેઓ ધર્મારાધનના માર્ગે પગલાં માંડવાને—વધુ ગતિ કરવાને સદાયે ઝંખતા હતા.

એ કાલ પૂજ્યપાદ ન્યાયાંભોનિધિ શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના શાસનસામ્રાજ્યનો કહી શકાય. તે યુગપ્રભાવક સૂરિવર, જૈનશાસનનું એકછત્રી સામ્રાજ્ય તે સમયે કરી રહ્યા હતા. જૈન શ્વે૦ મૂર્તિપૂજક સંપ્રદાયના ચતુર્વિધસંઘપર, તે શાસનપ્રભાવક સૂરીશ્વરજીનું વર્ચસ્વ તે વેળાયે અખંડ અને અવિભાજ્ય હતું. સાચેજ તે તેઓ શ્રીમદ્‌ની સર્વતોમુખી યુગપ્રધાનકલ્પતા કહી શકાય. શાસનસિદ્ધાન્તો પરત્વેનો અવિહડ અને નીડર અનુરાગ, તેમજ તેને માટેની હૈયાની બહુમાનપૂર્ણરૂચિ, એ તેઓ શ્રીમદ્‌ને સાચા શાસનપ્રભાવક અને નિઃસ્પૃહશિરોમણિ રાખી શકી હતી. તેઓ શ્રીમદ્‌ના વિશાલકાય સાધુસમુદાયમાં. પૂ૦ સદ્ધર્મોદ્ધારક શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજા, તેમજ પૂ૦ શાસનપ્રભાવક અજોડ ઉપદેશક ઉપાધ્યાયજી મહારાજ શ્રીમદ્ વીરવિજયજી મહારાજા વિગેરે સુવિહિત મુનિવરો, એ અવસરે અગ્રગણ્ય ગણાતા હતા.

પૂ૦ ઉપાધ્યાયજી મહારાજ શ્રીમદ્ વીરવિજયજી મહારાજનો શુભ સંયોગ, એક અવસરે દીપચંદભાઈને મલી જાય છે. પૂ૦

ઉપાધ્યાયજી મહારાજાના એ અનુપમ સહવાસના યોગે દીપચંદભાઇનું જીવન પલટાવા લાગે છે. "ધર્મારાધન એજ માનવજીવનનું મૂલ્ય છે, માનવજીવનની મહત્તા એ વિરતિ ધર્મની આરાધનાના યોગેજ છે." એ મુજબના પરમ સત્યોને પરિચય દીપચંદભાઈને પૂ૦ ઉપાધ્યાયજી મહારાજાના ઉપદેશથી થવા માંડે છે. અને એના યોગે દીપચંદભાઇએ એ નિશ્ચય કર્યો કે—'કોઇપણ રીતિયે મારે મને મળેલી યોગ્ય સામગ્રીઓને ધર્મારાધનના માર્ગે ત્રિકરણ યોગે જોડી દેવી જોઇએ.'

## ઉપાધ્યાયજી મહારાજા ચકાસે છે—

મહાન પુરૂષોના અનેક પ્રકારના અનુપમ કોટિના ગુણોમાંથી તેઓને આ એક વિશિષ્ટ ગુણ હોય છે કે—તેઓનું વિચારબલ સંપૂર્ણ શક્તિમાન અને સફલ હોય છે. એટલાજ માટે સફલ વિચારબલ ધરાવનારા મહાન આત્માઓ જે શુભ વિચારણાની માળામાં પરોવાય, તે વિચારણા કાયિક અને વાચિક પરિણામને શીઘ્રતાથી પામી શકે છે. એ મુજબ દીપચંદભાઇ પણ ધર્મની આરાધના માટેના પોતાના શુભસંકલ્પને, પૂ૦ ઉપાધ્યાયજી મહારાજાની સેવામાં નમ્ર-વિનિતભાવે રજૂ કરે છે. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા, પુણ્યશાલી દીપચંદભાઇની એ મુમુક્ષુવૃત્તિને અનેક રીતિયે શાસ્ત્રીય ચકાસણીથી ચકાસે છે, અને એ ચકાસણીમાં છેવટ સુધી મહાભાગ દીપચંદભાઇ અડગ રહે છે.

સંસારત્યાગની કઠીનાઇ, સંયમી જીવનના વ્રત–અનુષ્ઠાનોની દુઃખ્પાલના, વિગેરેથી જ્યારે દીપચંદભાઈનું અડગ આત્મબલ ચળતું નથી, એટલે પૂ૦ ઉપાધ્યાયજી મહારાજા પુણ્યશાલી દીપચંદભાઇને સંયમની આરાધના માટે યોગ્ય તરિકે ઓળખી કાઢે છે. 'પ્રતિજ્ઞાતના નિર્વાહને માટેની અખૂટ ધીરજ અને પૂર્વસેવિત પાપ પ્રત્યેનો તીવ્ર–પશ્ચાતાપ' એજ જૈનશાસ્ત્રીય દષ્ટિયે વ્રતઆરાધન માટેની યોગ્યતા છે. "હમેશના અભ્યાસવાલાજ આ-

ત્માઓ સાધુ યા શ્રાવકધર્મની આરાધના કરવાને યોગ્ય છે, અને અભ્યાસ કે પરિચય વિનાના તદ્દન અયોગ્ય છે" એ મુજબની એકાન્ત માન્યતા શાસ્ત્રીય સત્યથી ઘણીજ વેગળી છે.

વિ૦સં. ૧૯૪૬ના માગસર સુદી પાંચમના શુભમૂહૂર્તે ઘોઘા મુકામે પૂ૦ઉપાધ્યાયજી મહારાજાના શુભ હસ્તે દીપચંદભાઇ, શ્રીપારમેશ્વરી પ્રવ્રજ્યાનો સ્વીકાર કરે છે. સંસારના પૌદ્ગલિકપ્રલોભનોને દૂર દૂરતર હડસેલે છે, આત્મ-ચેતનશક્તિને પ્રગટ કરવાને સારૂ, દુનિયાની સામે નવો જંગ ખેલવાની શરુઆત કરે છે. જે યૌવનકાળની મદમસ્તી અનેકોને દેખતા મીટાવી આંધળા કરી મૂકે છે, વિવેકના પથથી ભ્રષ્ટ બનાવી માર્ગ ભૂલ્યા રખડુ જેવા બનાવે છે, તે જ યૌવનકાળના ઉંબરે પણ મૂકતા દીપચંદભાઇ, મોહ અને મિથ્યાત્વાના અંધાપાને મીટાવી વાસ્તવ ચક્ષુઓને મેલવી શકયા માર્ગભૂલને શોધી પાછા પરમાર્થ માર્ગે વળી શકયા.

## પરમ ગુરૂદેવ ચરણે અનન્ય સમર્પણ.

દીપચંદભાઇ, આજથી એક નવાજ માર્ગને એ જગતના અન્ય સાધનમાર્ગો કરતાં એ ખૂબ જ કપરો અને કાંટાળો છે, છતાંયે અનન્ય સમર્પણભાવ જે આત્માઓએ ત્રિવિધયોગે સ્વીકાર્યો છે, તે પુણ્યશાલી આત્માઓને માટે જિનેશ્વરદેવે પ્રરૂપિત કરેલ આરાધનાનો માર્ગ અવશ્ય સરર બની રહે છે. પૂ૦ પરમગુરૂદેવ ઉપાધ્યાયજી મહારાજ શ્રીમદ્ વીરવિજયજી મહારાજાની શીતલ છત્રછાયાના આશ્રયે ભાગવતી દીક્ષાના સ્વીકાર બાદ, મહાભાગ દીપચંદભાઈના જીવન અને વેષના પરિવર્તન આવ્યું. અત્યાર અગાઉ **દીપચંદભાઈ** એ મૂજબના સાંસારિક નામથી ઓળખ પામતા તે મહાપુરૂષની ઓળખ **પૂ૦ મુનિરાજ શ્રીદાનવિજયજી મહારાજ** એ રીતિની થવા લાગી.

મુનિવર શ્રીદાનવિજયજી મહારાજાના, અત્યાર અગાઉના, મન-વચન-કાયાના છૂટા પ્રવાહો હવે એકત્ર બન્યા. એટલે એ

ત્રિવિધ યોગના પ્રવાહો તેઓશ્રીએ પોતાના પરમગુરૂ ઉપાધ્યાયજી મહારાજના ચરણે વહેતા કરી મૂકયા. એજ કારણે પૂજ્ય ગુરૂદેવના પરમ વિનેય તરીકે પોતાના જીવનને સંપૂર્ણ રીતિયે સમર્પિત કરી દેવાની અનુપમ ધીરતા, એ મહાત્મા અખંડિતપણે સદાને માટે જીવતી રહેવા પામી હતી. વિનય વૈયાવૃત્ત્ય નમ્રતા સહૃદયતા ઉચિતવૃત્તિ અને ધીરતા એ વિગેરે વિશિષ્ટ લોકોત્તર ગુણો, પરસ્પરની હરિફાઇપૂર્વક તે મહામુનિને ખૂબજ ઉત્કર્ષતાથી ખીલી ઉઠ્યા હતા. વૈયાવૃત્ય અને ગુરૂભક્તિનો ઉત્તમગુણ તેઓશ્રીમાં ખૂબ અજબ કોટિનો હતો, સાધુજીવનને ઉપયોગી એવાં દરેક વૈયાવૃત્યનાં કાર્યોને તેઓશ્રી નિઃસંકોચપણે ઉત્સાહ પૂર્વક કરી લેતા.

સ્વ-પર સિદ્ધાન્તોનું ઉંડુ તલસ્પર્શી જ્ઞાન, અને સાથે પૂ૦ તારક ગુરૂદેવ ઉપાધ્યાયજી મહારાજ પ્રત્યેના હૃદયગત બહુમાનપૂર્વકની અખંડસેવા' આ બન્ને દુર્લભયોગોની પ્રાપ્તિ મહામુનિશ્રીદાનવિજયજી મહારાજના જીવનમાં અપૂર્વ અને અસાધારણ હતી. ગુરૂદેવ શ્રીઉપાધ્યાયજી મહારાજા પરત્વેના હૃદયગત બહુમાનને આ મહામુનિશ્રીએ કપરામાં કપરા અને કડક સમયમાં પણ વિકટ પરિસ્થિતિઓનો સામનો કરીને જાળવી રાખ્યું હતું આ અતિશયોક્તિ નથી પણ સાચી હકીકત છે કે-'મુનિવર શ્રીદાનવિજયજી મહારાજાએ, ગુરૂમહારાજ ઉપાધ્યાયજી મહારાજના જીવનની છેલ્લી ઘડિઓ સુધી પણ પૂર્ણ ભક્તિભર હૈયે તદ્દન નમ્રતા ભરી જે સેવાઓ કરી છે, તે તત્કાલીન સમસ્ત સાધુસમુદાયમાં સાચેજ આદર્શ અને અનુપમ કોટિની ગણી શકાય તેમ હતી.''

## યોગોદ્વહન અને પંન્યાસપદ.

અખંડ આજ્ઞાપાલન સ્વપર સિદ્ધાન્તવેદિતા અડગસંયમવૃત્તિ વિગેરે વિશિષ્ટ ગુણોને જોઇને, પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા મહામુનિ શ્રીદાનવિજયજી મહારાજમાં પદને મેળવવાની અને તેને સંપૂર્ણ

રીતિયે જીરવી શકવાની શક્તિઓ જોઈ શક્યા. એટલે તેઓશ્રીએ, પરમચારિત્રપાત્ર પંન્યાસજી મહારાજશ્રીચતુરવિજયજી મહારાજા શુભ આશ્રયે, મહામુનિ શ્રીદાનવિજયજીને યોગોદ્વવન કરવાની આજ્ઞા આપી. પૂજ્ય પરમક્રિયાપાત્ર સુવિહિત પંન્યાજી મહારાજ શ્રીચતુરવિજયજી મહારાજાની છત્ર છાયામાં પૂ૦ મુનિરાજ શ્રીદાનવિજયજી મહારાજાએ, ભગવતી સૂત્ર વિગેરે સૂત્રોના યોગોદ્વહન પૂર્ણ કર્યા.

એ મુજબ નિર્વિઘ્નતાથી પન્યાસપદના યોગોનું વહન ગૂર્ણ થતાં, વિક્રમ સંવત ૧૯૬૨ના માગસર સુદિ પૂર્ણિમાના દિને, ખંભાત મુકામે પૂ૦ મુનિરાજશ્રી દાનવિજયજીને, પન્યાસજી મહારાજ શ્રીમદ્ ચતુરવિજયજી મહારાજાએ 'અનુયોગાચાર્ય'ના મહામૂલા પદે અભિષિક્ત કર્યા. પોતાના આંગણે ઉપસ્થિત થયેલ એ પ્રસંગને ખંભાતના શ્રીસંઘે ભક્તિપૂર્વકના મહોત્સવથી ખૂબ સારી રીતિયે ઉજવ્યો હતો. પદના યોગે મુનિશ્રી દાનવિજયજી મહારાજના જીવનમાં વધુ ને વધુ લઘુતા અને સહૃદયતા જન્મવા પામે છે. 'પદ' એ, એ મહાત્માને ખૂબ સાવચેત બનાવે છે, પદના યોગે જીવનમાં આવતી શાસન પ્રત્યેની જોખમદારીને એ મહાપુરૂષ સ્હમજી શકયા હવા. પદસ્થ હોવા છતાંયે, ગુરૂભક્તિને માટે તેઓશ્રી સ્વયં ચોવીસ કલાક હાજર રહેતા, ગુરૂમહારાજાની સેવા શુશ્રૂષા માટે તેમો પોતે તદ્દન સામાન્ય બની અવિરતરીતિયે સ્વયં મહેનત ઉઠાવતા.

**પૂ૦ ઉપાધ્યાયજી મ૦નો અન્તિમકાલ—**

વિ. સં. ૧૯૭૫માં ખંભાત મુકામે પૂ૦ ઉપાધ્યાયજી શ્રીમદ્ વીરવિજયજી મહારાજા. શારીરિક અસ્વસ્થતાના યોગે તદ્દન સંથારાવશ બન્યા હતા તે વેળાએ મહાત્મા પંન્યાસજી મહારાજ, અનુપમ રીતિયે અખંડ અહોરાત્રીના ઉજાગરા વેઠીને પણ ગુરૂમહારાજાની સેવામાં સદાય હાજર રહેતા. ઉદયમાં આવેલ અશાતાની તીવ્ર વેદનીને જ્યારે પૂ૦ ઉપાધ્યાયજી મહારાજા પૂર્ણ સમાધિપૂર્વક ખૂબ

સાવધ બનીને સહતા, ત્યારે પૂ૦ ગુરૂદેવના અનન્યભક્ત પન્યાસજી મહારાજ, ગુરૂદેવના સંથારાની પાસે બેસીને ચોવીસે કલાક ગુરૂદેવની શાતાને માટે ઝંખનાઓ સેવતા.

પૂ૦ ઉપાધ્યાયજી મહારાજની તે માંદગીની વેલાયે વિશાલકાય સાધુ સમુદાય, ખંભાત મુકામે એકત્ર થયેલ હતો. પૂ૦ સદ્ધર્મરક્ષક આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજા આદિ પણ તે સમયે, પૂ૦ ઉપાધ્યાયજી મહારાજશ્રીની માંદગીના પ્રસંગે, સપરિવાર પધાર્યા હતા. પોતાનો શિષ્ય સમુદાય હાજર હોવા છતાંયે, ગમે તેવી પરિસ્થિતિમાં પણ મહામના પંન્યાસજી મહારાજ, પૂ૦ ગુરૂદેવ ઉપાધ્યાયજી મહારાજની સેવાને એક પલવાર ભૂલી શક્યા ન હતા. આવા ગુરૂસેવક વિનેયને, ગુરૂદેવ પૂ૦ શ્રીઉપાધ્યાયજી મ૦ની અન્તિમ અવસ્થા ખરેજ મૂંઝવી નાખે એમાં આશ્ચર્ય શું? છતાંયે કર્મના ઉદયની વેળાએ કોઈ શું કરે? સમર્થ પુરૂષોની શક્તિ પણ એ સમયે કુંઠિત બને છે. એ માંદગી જીવલેણ બની, અને પૂ૦ ઉપાધ્યાયજી મહારાજા સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા. તે અવસર ખૂબ આઘાતજનક હતો. પૂ૦ સદ્ધર્મરક્ષક સાધુસમુદાયના માલિક આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજ આદિ સૌ સાધુસમુદાયને પૂ૦ ઉપાધ્યાયજી મહારાજનો આ વિરહ ખૂબ સાલતો, તેમાંયે પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રીદાનવિજયજી મહારાજને મન તો ગુરૂવિહારનો આ દુઃખદ પ્રસંગ ખૂબજ અકારો થઇ પડ્યો હતો. દિવસો બાદ એ પ્રસંગ ભૂલાતો ગયો, સમાધિ અને શાન્તિપૂર્વક તેઓશ્રીએ ગુરૂવિરહના અકારા ઘાને નરમ બનાવતા ગયા. ૨૯–૨૯ વર્ષો સુધી પૂજ્ય પંન્યાસજી મહારાજે જે અનુપમ કોટિનો પૂ૦ ગુરૂદેવ ઉપાધ્યાયજી મહારાજની સેવાપૂજાનો મહાયજ્ઞ આરંભ્યો હતો, તે સાચેજ અનેક વિનેય–મુમુક્ષુજનોને માટે આદરણીય તેમજ ઉપાસ્ય હતો–અને છે.

પૂ૦ ગુરૂદેવ શ્રીઉપાધ્યાયજી મહારાજના કાલધર્મ બાદ, શિષ્ય સમુદાયની સારણા વારણા વિગેરે ગચ્છરક્ષાનું મહત્કાર્ય તેઓશ્રીના માથે આવ્યું. તેઓશ્રીએ જે નિખાલસતા, અપૂર્વનિઃસ્પૃહવૃત્તિ અને અખંડ સિદ્ધાન્તરૂચિતાપૂર્વક પોતાના સાધુ સમુદાયની રક્ષા કરે છે–યોગ–ક્ષેમ દ્વારાયે જે અનુપમ પદ્ધતિ પૂર્વકનું તેઓશ્રીએ સાધુ સમુદાયનું પાલન કર્યું છે તે તેઓ શ્રીમદ્દજ કરી શકે. શાસનનાં શાસ્ત્રીય સત્યોંની સેવના માટેની, અવિહડ તમન્ના પૂ૦ પન્યાસજી મહારાજના જીવનમાં તે કાલે પણ ઠાંસી ઠાંસીને ભરી હતી, લોકપૂજા, કે લોકનિન્દા તેઓશ્રીના શાસ્ત્રીય સત્યોની રક્ષાના કાર્યમાં તેઓશ્રીની આડે આવી શકે તેમ હતું નહિ. તેઓશ્રી જેટલાજ સરળ સહૃદય તેમજ નિખાલસ અને હૈયાચોકખા હતા, તેટલાજ શાસ્ત્રીય સત્યોની સેવનાને સારુ, કપરામાં કપરા સમયે પણ તેઓશ્રી અડગ અને નીડર રહેતા.

વિ. સ. ૧૯૬૮નો એક પ્રસંગ આ અવસરે યાદ આવે છે. શાસ્ત્રીય સત્યોની સેવાને સારુ તેઓશ્રીની અડગ અને ધીર મનોવૃત્તનો આ એક પ્રબલ પૂરાવો છે. વડોદરા મુકામે, તે અવસરે પૂ૦ શાસનપ્રભાવક ન્યાયાંભોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયનંદસૂરીશ્વરજી મહારાજનો મુનિસમુદાય સંમેલન રૂપે એકત્ર થયો હતો. તે સાધુ સંમેલનમાં, સાધુ સમાજની અનેક અનિચ્છનીય પરિસ્થિતિનો નિવેડો આણવાને કાંઈ મજબૂત બંધારણ કરવાને સારૂ ઠરાવો ઘડવાનું નિશ્ચિત થયું હતું. એક પછી એક ઠરાવોનું ઘડતર થયું, જે સાધુ સમુદાયની શાસ્ત્રીય મર્યાદાને અનુકૂલ અને સહાયક હોવાને કારણે વિનાવિરોધે પસાર થઈ શક્યું. પણ ત્યાં–તે સમયે, કોઈક મુનિ તરફથી બાલદીક્ષાની સામે પ્રતિબન્ધ મૂકતો ઠરાવ મૂકાયો; ભાષણો–પણ થયાં, તે વેલાયે પૂ૦ પંન્યાસજી મહારાજશ્રી શાસ્ત્રીય સત્યની રક્ષાને ખાતર અડગ અને ધીર મનોવૃત્તિથી તે ઠર

વિરુદ્ધમાં કપરા સંયોગોનો સામનો કરીને પણ ઉભા રહ્યા હતા.

અને એનાજ પરિણામે એ ઠરાવ નામશેષ બની ગયો હતો, કે જે પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્‌વિજ્યાનંદસૂરીશ્વરજીમહારાજના સુવિહિત સાધુસમુદાયની શાસ્ત્રીય સત્યો માટેની અખંડ અડગતા અને ધીરતાનું પ્રતીકજ ગણી શકાય.

સુવર્ણ જેમ જેમ કસોટીમાંથી પસાર થાય છે, તેમ તેનામાં વધુને વધુ પ્રકાશ તેમજ મહત્તા આવતી જાય છે, આ એક સામાન્ય લોકનિયમ છે. પૂજ્ય પંન્યાસજી મહારાજા માટે પણ તેમજ બને છે. મુશ્કેલીઓ અને મુશીબતોનો ડુંગર, તેઓશ્રીના સાધકજીવનની ચોમેર ખડકાયેલો રહેતો, છતાંયે ધીરતા અડગતા અને વીરવૃત્તિથી તેઓશ્રી, એ સઘલીયે ડુંગરાલ પ્રદેશની ધરતીને લંઘી જાય છે. એટલેજ તેઓશ્રી વધુ ને વધુ પ્રકાશવાન તેમજ મહાન બની શક્યા. આવા અનુપમ કોટિના શાસનપ્રભાવક મહાપુરૂષની યોગ્યતાના માપને માપીનેજ, પૂજ્યપાદ સુગૃહિત નામધેય નિઃસ્પૃહ શિરોમણિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજાએ છાણી મુકામે તેઓશ્રીને ચતુર્વિધ સંઘની સમક્ષ મહામહોત્સવપૂર્વક પંચપરમેષ્ઠિના ત્રીજા મહામૂલ પદનો અભિષેક કર્યો. તે વેલાયે–તે પૂ૦ આચાર્યદેવશ્રીના શિષ્યરત્ન મુનિરાજશ્રી લબ્ધિવિજયજી મહારાજશ્રીને પણ તેઓ શ્રીમદે, સૂરિપદના સ્થાને અભિષેક કર્યો. એટલે વિ. સં. ૧૯૮૧ના માર્ગશીર્ષ સુદિ પંચમીના દિને, તેઓ શ્રીમદ્ પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ 'વિજયદાનસૂરીશ્વરજી મહારાજ'ના નામથી પ્રસિદ્ધિને મેલવે છે. સૂરિપદપર આરૂઢ થવા છતાંયે, પ્રત્યાઘાતી આડંબર, તેઓશ્રીના સાદા–સંયમી જીવનમાં સ્પર્શી શકયો નહતો, સર્વોચ્ચ કોટિની નિરભિમાન વૃત્તિથી ખરેજ તેઓશ્રીએ પોતાનું સાધુજીવન અનુકરણીય બનાવ્યું હતું.

શાન્તિના ભોગે સિદ્ધાન્તરક્ષા—

પૂ૦ સૂરીશ્વરજી અડગ સિદ્ધાન્તરત હતા. શાસ્ત્રીય સત્યોની રક્ષા માટે તેઓશ્રી દરેક રીતિયે તૈયાર હતા, શાન્તિને માટે સિદ્ધાન્ત પ્રેમનો ભોગ આપવાને તેઓશ્રી એક ક્ષણ પણ તૈયાર ન હતા. તેઓશ્રી પોતાના જીવનકાલ દરમ્યાન લોકપૂજા કે શાન્તિની ખાતર શાસ્ત્રીય પરમ સત્યોની વફાદારીને કોઈ દિવસે ભૂલ્યા નથી. જે શાસ્ત્રીય સત્યોની સેવા ખાતર ઘર કુટુંબ અને અંગત સંબન્ધોને તૃણવત છોડી દીધા, તે સત્યોની સેવાને, ખોટી શાન્તિ કે લોક ખળભળાટથી દૂર કરવી યા ભૂલી જવી એ કાયરતા છે, લોકપૂજાની ભૂખ છે, અને પ્રભુધર્મના દૃઢ અનુરાગનો અભાવ છે. પૂ૦ સૂરીશ્વરજીનો તે સત્તાકાલ, શાસ્ત્રીય સત્યોની સેવા માટેનો તીવ્ર ઘર્ષણકાલ હતો, છતાંયે તેવા અવસરે સૂરીશ્વરજી ખૂબજ દૃઢ રહેતા. પાસે બેસનાર પંચાંગ પ્રણિપાત કરી જનાર, અંગત ગણાતાઓની લાજ શરમ કે દાક્ષિણ્યતામાં સ્હેજ પણ તેઓશ્રી લેવાઈ ગયા ન હતા. અજ્ઞાન લોકોના ખોટા ખળભળાટ ને ધાંધલ કે ધમાલને તેઓશ્રી ધીરતાથી પચાવી શક્યા હતા.

શાસ્ત્રીય સત્યોની સેવાના બન્ને પ્રકારો જેવાકે–તે સત્યોનો પ્રચાર, અને તેની સ્હામેના આક્રમણોનો પ્રતિકાર'–એ મૂજબના બન્ને પ્રકારોને પૂ૦ સૂરીશ્વરજી પોતાના સત્તાકાલમાં યથાશક્તિ આરાધી શક્યા હતા. અને એને અંગે, તેઓશ્રીને અનેકોની સાથે વાદ–વિવાદોના પ્રસંગો આવ્યા હતા, ત્રિસ્તુતિમતના ઉત્પાદક શ્રીરાજેન્દ્રસૂરિ, તેમજ યતિ–શ્રીધરણેન્દ્રસૂરિ વિગેરે સાથે પૂજ્યશ્રીના વાદ પ્રસંગો એ એના સામાન્ય દૃષ્ટાન્તરૂપ છે.

સરળતા અને નિઃસ્પૃહવૃત્તિ—

સરળતા અને નિઃસ્પૃહવૃત્તિ' એ બન્ને ગુણો પૂજનીય સૂરિદેવના જીવનમાં અનુપમ રીતિયે ઝળહળતા હતા, અને તેથીજ તેઓશ્રી ગમે તેવા પ્રસંગોમાં પોતાના આચારધર્મને સ્હેજ પણ આંચ આવવા દેતા

શકયા ન હતા. તેઓશ્રીની નિસ્પૃહવૃત્તિને ઓળખી લેવાને સારૂ આ એક જ પ્રસંગ બસ છે—

વડોદરા નરેશ શ્રીસયાજીરાવ ગાયકવાડ પૂજનીય સૂરિદેવને ખાસ મળવાને માટે આમંત્રણ આપે છે, પૂજનીય ગુરુદેવ તે આમંત્રણને લાભ દૃષ્ટિયે સ્વીકારે છે. શ્રીગાયકવાડ નરેશ પૂજનીય સૂરિદેવનો સત્કાર કરે છે, પૂ૦ સૂરિદેવ નિઃસ્પૃહતાપૂર્વક તે નરેશને એકાન્ત ઉપકાર દૃષ્ટિથી ધર્મતત્વના અમૃતનું પાન કરાવે છે, દેવ–ગુરૂ અને ધર્મની વાસ્તવિક ઓલખ આપે છે. મહારાજા ગાયકવાડ, તે વેલાયે પૂ૦ સૂરિદેવના તે ધર્મોપદેશને સાંભલે છે. અનાર્યદેશના વાતાવરણમાં જીવનનો વધુ ભાગ જીવનાર કેવલ પૌદ્ગલિક રંગરાગમાંજ શાન્તિ સમાધિ અને સુખ માનનારાઓના સંસર્ગમાં રત તે વડોદરાનરેશ જેવા રાજવીની સામે, એકાન્તે ત્યાગ પ્રધાન ધર્મનો ઉપદેશ બે–ધડકપણે સંભલાવવો એ સાચી નિઃસ્પૃહવૃત્તિ વિના બની શકવું શક્યજ નથી.

સરળતા–હૈયાની નિખાલસવૃત્તિ, એ પૂજનીય સૂરિદેવનો અજોડ કોટિનો ગુણ હતો, એ ગુણ તેઓશ્રીને અસાધારણ મહત્તા આપવાને માટે બસ હતો.

માટેજ વિશાલકાય શિષ્યપરિવારનું સ્વામિત્વ ભોગવવા છતાંયે સ્હેજ પણ દંભવૃત્તિ કે મલીનતા તેઓશ્રીના સાધકજીવનને અભડાવી શકી ન હતી.

## અન્તિમ કાલની આસપાસ—

એ વાત તદ્દન સ્વાભાવિક છે કે–સમાધિમૃત્યુ એ પંડિત મરણ ગણાય છે, એની પ્રાપ્તિ પુણ્યવાન આત્માઓનેજ થાય છે. અનુપમ કોટિની આરાધનાના યોગેજ આ સ્થિતિ પ્રાપ્ત થઇ શકે છે. મરણની આસપાસના સંયોગો, વાતાવરણ, એ વિગેરે પરથી જીવનની સારી યા નરસી બાજૂઓનું માપ નીકલી શકે છે. પૂજનીય સૂરિદેવનું મરણ, સમાધિપૂર્વક તદ્દન જાગૃત દશામાંજ થયું હતું. તે મૃત્યુના પ્રસંગને

અંગે, કોઇ પણ પ્રકારની નવી તૈયારીઓ તેઓશ્રીને કરવાની હતીજ નહિ. છેતાલીશ છેતાલીશ વર્ષની વિશુદ્ધ રત્નત્રયીની આરાધનના યોગે, તેઓશ્રી આનન્દ પૂર્વક નિખાલસ હૃદયની ક્ષમાપનાનું પ્રદાન કરી, ભક્તહૃદયી વિશાલ સાધુમંડલ, તેમજ ભાવુક શ્રાવક પરિવારની આસપાસમાંથી વિદાય લે છે.

એ અન્તિમકાલની આસપાસને શબ્દોમાં અત્ર રજૂ કરવાથી તેઓ શ્રીમદ્‌ના જીવનની મહામૂલ્યતાનો ખ્યાલ આવી શકે તેમ છે. એ અન્તિમકાલની આસપાસના પ્રસંગો આ મૂજબના છે.—'રાધનપુર' ખાતે પૂજ્ય સૂરિદેવનું છેલ્લું ચાતુર્માસ હતું, વિ. સં ૧૯૯૧ ની સાલનું એ ચાતુર્માસ પૂર્ણ આનન્દ અને અપૂર્વ ધર્મારાધન વચ્ચે સમાપ્ત થયેલ હતું. પૂજ્ય સૂરિદેવ તેમજ તેઓશ્રીના પ્રશિષ્ય પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજા શ્રીમદ્‌ રામવિજયજી ગણિવર (હાલ પૂ૦આચાર્યદેવ શ્રીમદ્‌ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ) આદિની છત્રછાયામાં તે ચાતુર્માસ ભાવુક જનસમાજને માટે ધર્મારાધનની એક અનુપમ મોસમરૂપ બન્યું હતું. ઉપધાન તપના માલારોપણ મહોત્સવની પૂર્ણાહૂતિ બાદ વિ૦ સં. ૧૯૯૨ ના માગશર વદિના દિવસોમાં પૂજ્ય સૂરિશ્રી, શિષ્ય પરિવારની સાથે રાધનપુરથીવિહાર કરી, શ્રી-શંખેશ્વરજી તીર્થમાં પધાર્યા.

બીજા દિવસની સાંજેતેઓ શ્રીમદે ત્યાંથી વિહાર કર્યો, છેલ્લાં લગભગ દશેક વર્ષની તીવ્ર તપશ્ચર્યાએ પૂજ્યસૂરિદેવના ખડતલ દેહને ગાળી નાખ્યો હતો, વૃદ્ધાવસ્થાને અંગે તેઓશ્રીની શારીરિક શક્તિ મંદ મંદતર થતી જતી હતી, છાતીનો દુઃખાવો તેમજ શ્વાસનું દરદ વર્ષોથી પૂજ્યશ્રીના શરીર સ્વાસ્થ્યને રોકી રહ્યું હતું, છતાંયે તેઓશ્રીએ સંયમી જીવનની સાધનાના માર્ગે આવતી હરેક પ્રકારની મુશ્કેલીઓને હસતે વદને અને ધીરહૈયે વેઠી લીધી હતી. 'પાદવિહાર'ને માટેની તેઓશ્રીને અનેક પ્રકારની પ્રતિકૂલતાઓ હોવા છતાંયે, જ્યારે જ્યારે કોઇ ભાવુકજનો, સૂરિજીને નિયતવાસ માટે આગ્રહ

કરતા ત્યારે ત્યારે સૂરિજી સ્પષ્ટ શબ્દોમાં તેને અંગે નકારજ ભણતા. પૂજનીય સૂરિદેવના અનન્ય પટ્ટધર, પરમવિનેય સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજા, કે જેઓએ ૧૯૯૧ નું ચાતુર્માસ પાટણ મુકામે કર્યું હતું, તેઓશ્રી પણ શિષ્ય પ્રશિષ્યના પરિવારની સાથે પૂજ્ય પરમગુરૂદેવની સેવામાં શંખેશ્વરજી મુકામે હાજર થઇ શકયા હતા. વિશાલકાય શિષ્ય પ્રશિષ્યના પરિવારની સાથે પૂજનીય સૂરિદેવ, ધામા, આદરીયાણા થઈ, ઝીંઝુવાડા પધાર્યા. પૂ૦ સૂરિદેવની જન્મભૂમિના ભાવુકોની આગ્રહભરી વિનંતિઓથી સૂરિદેવે સપરિવાર ત્યાં કેટલાક દિવસની સ્થિરતા કરી.

## સૂરિદેવની સેવામાં શિસ્તપાલન.

તે દિવસો દરમ્યાન ખંભાતના અગ્રગણ્ય શાસનરસિક વયોવૃદ્ધ શ્રી કસ્તુરભાઇ તરફથી ખંભાત મુકામે ઉદ્યાપનનો ધર્મમહોત્સવ થનાર હતો. અને તે ધર્મમહોત્સવના પ્રસંગ પર પૂજનીય સૂરિદેવને ખંભાત મુકામે પધારવા માટેની વિનંતિ કરવાને શ્રી કસ્તુરભાઇ સ્વયં આવેલ હતા. પૂજનીય સૂરિદેવની શારીરિક પ્રકૃતિ, અમૂક પરિમિત સમયમાં એટલો દીર્ઘ વિહાર કરી શકાવને સમર્થ ન હતી, એટલેજ તેઓશ્રીએ પોતાના મુખ્ય શિષ્ય પરિવારને ખંભાત મુકામે જવાની આજ્ઞા ફરમાવી. સાધુચરિત સૂરિદેવનો વિનીત અને સેવાજીવી શિષ્યપરિવાર, એ તેઓશ્રીના પરમ સાધકજીવનની દીર્ઘકાલીન સાધનાનુંજ પરિણામ હતું. અખંડસેવાજીવી શાસનપ્રભાવક વિશાલકાય શિષ્યપરિવારનું એકછત્રી આધિપત્ય ખરેજ તેઓશ્રીમદ્ અજોડ અને અનુપમ રીતિયે જીવનપર્યંત ભોગવી શક્યા હતા. કહેવું જોઇએ કે–'પૂ૦ સૂરિદેવની અનુપમ ગુરૂસેવા અને હૃદયની નિખાલસ વૃત્તિનો એ સાચેજ ફલપરિપાક હતો.'

સુગૃહિત નામધેય સિદ્ધાન્ત મહોદધિ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજા, તેમજ સમર્થ વ્યાખ્યાતા ઉપાધ્યાયજી મહારાજ શ્રીમદ્ **રામવિજયજી** ગણિવર વિગેરે, તે કાલે

પૂજનીય સૂરિદેવના સાધુ સમુદાયમાં મુખ્ય તરિકે ગણાતા હતા. પૂજ્ય પરમગુરૂદેવ સૂરિવરની આજ્ઞાના પાલનને માટેની શિસ્તતા એઓશ્રીમાં અનુપમ અને અસાધારણ હતી. જો કે–'પૂજનીય ગુરૂદેવની શારીરિક પ્રકૃતિની પ્રતિકૂલતાને કારણે તેઓશ્રીની સેવામાંજ આવા સંયોગોમાં અખંડિત રીતિયે રહેવું' એ મનોભાવના પૂજનીય સૂરિદેવના સાધુ-સમુદાયના મુખ્ય મુખ્ય નાયકોમાં પ્રબલપણે હતી. પણ જ્યારે ખુદ પૂજનીય સૂરિદેવે, ખંભાત મુકામે જવાની તેઓને આજ્ઞા ફરમાવી, એટલે તેઓએ તે આજ્ઞાને શિરોધાર્ય માની સ્વીકારી લીધી. અને પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા તેમજ પૂ૦ઉપાધ્યાયજી મહારાજા શ્રીમદ્ રામવિજયજી મહારાજ વિગેરે શિષ્ય-પરિવારે ખંભાત બાજૂયે વિહાર કર્યો.

## આચારધર્મની પાલનામાં અડગતા.

'ઝીંઝુવાડા' એ પૂજનીય સૂરિદેવની જન્મભૂમિનું ગામ ગણાય, વર્ષોના ગાળા બાદ તેઓશ્રી સ્વકીય વિશાલકાય શિષ્યપરિવારની સાથે ત્યાં પધારેલ, એટલે એ સ્વાભાવિક છે કે–'ત્યાંનો શ્રીસંઘ, તેઓ શ્રીમદ્‌ને શારીરિક અસ્વસ્થતાના કારણે ત્યાંજ સ્થિરતા કરવાને સારૂ ભાવભરી વિનતિઓ કરે.' પણ સાધુચરિત પૂજ્ય સૂરિદેવે, શ્રીસંઘને સ્પષ્ટ શબ્દોમાં એ વિનતિઓનો જુવાબ આપતાં એ મતલબનું જણાવ્યુંકે–' જ્યાં સુધી શારીરિક પ્રકૃતિ સામાન્ય પણ કાર્ય આપી શકતી હોય, ત્યાં સુધી સંયમની આરાધનામાં પ્રમત્તભાવ કેમ કેળવાય? વિહાર કરવાની હજૂયે શક્તિ છે, તો તે શક્તિનો સદુપયોગ જીવનની અન્તિમપળો સુધી કાં ન કરી લેવો ?" પૂજનીય સૂરિદેવનું આ મૂજબનું કથન તેઓશ્રીની સદાજાગૃત આરાધક દશાનું મૂર્ત સૂચક ગણી શકાય તેમ છે. પૂજ્ય સૂરિદેવની આવા પ્રકારની જાગૃત દશાની પાછલ ભૂતકાલની તીવ્ર સાધકદશાનો ગૌરવભર્યો ઇતિહાસ રહેલો છે. વર્ષોની જ્ઞાન–દર્શન અને ચારિત્રની સુવિશુદ્ધ આરાધનાના યોગેજ, તેઓશ્રી આવી પ્રતિકૂલ શારીરિક સ્થિતિમાં

પણ આટલી સાવધદશા તેમજ સંયમપાલન માટેની અડગ મનોવૃત્તિ અંતિમ સુધી રાખી શકયા હતા. તેમજ ભકતજનો–શ્રાવકજનોની લાજ શરમ વિગેરે અનુકૂલ ઉપસર્ગોની લાંબી કતાર સામે, પોતાની અમૂક પ્રકારની અડગ શાસ્ત્રીય સ્થિતિચુસ્તવૃત્તિને અડગ રીતિયે તેઓશ્રી જાળવી શકયા હતા.

પૂ૦ સ્વર્ગીય સૂરિદેવના આવા પ્રકારની આચાર ધર્મની પાલનની અડગતાને અજ્ઞાન–સમાજ ઉગ્રતાના નામથી ઓળખતો. પોતાની અજ્ઞાનતાના યોગે વસ્તુના પારમાર્થિક સ્વરૂપને નહિ સમજી શકતા અજ્ઞાન–ભોળા જનસમાજની કોઇ પણ કાલે આવાજ પ્રકારની દયાપાત્ર દશા હોય છે. પૂજનીય સૂરીશ્વરજીના અલ્પ પણ અંગત પરિચયને કે સહવાસને પામ્યા વિના, અમૂક અજ્ઞાનતા યા તેવાજ પ્રકારના વાતાવરણના યોગે, પૂ૦ સૂરિદેવના આરાધક ભાવને અંગેની આચારપાલનની સખ્તાઇને ઉગ્રતાના નામ નીચે ભદ્રિકજનસમાજને છેતરવાનો પ્રયાસ કેટલીકવાર અમૂકવર્ગ તરફથી થતો. છતાંએ પૂજનીય ગુરૂદેવ તેવા પ્રતિકૂલ સંયોગોમાંયે સ્હેજ પણ ડગ્યા વિના, કોઈપણ પળે પોતાના તેમજ પોતાની નિશ્રામાં રહેલા આશ્રિતોના આચારધર્મની પાલનામાં ખૂબજ સાવધ રહેતા, અને સ્હેજ પણ દૂષણ પગપેસારો ન કરી જાય તે સારૂ અતિ કડક રહેતા, તે પણ સહજ સ્વભાવજન્ય સરલભાવે.

## દૃષ્ટિ આટલામાંજ રમી રહી છે—

ઝીંઝુવાડાથી પોષ વદિ નવમીના દિને પૂજનીય પરમગુરૂદેવે, પોતાની સાથના અલ્પ સાધુ–પરિવારની સાથે, પાટડી બાજૂયે વિહાર કર્યો. એ દિવસે પાટડીના રસ્તા પર ત્રણ માઇલે આવતા મુકામે પૂજ્ય સૂરિદેવે સ્થિરતા કરી. કઠોર તપપાલન અને અડગ આચારધર્મના યજ્ઞમાં પોતાના દેહને હોમી દેનાર પૂજનીય સૂરીશ્વરજીનો ખડતલ દેહ, વિહારના પરિશ્રમને ઝીલી શકવાને સમર્થ ન હતો, અને એજ કારણે ત્રણ માઇલના મુકામે આવતા, પૂજનીય

ગુરૂદેવને ખૂબજ પરિશ્રમ પડ્યો હતો. ત્રણ માઇલની ધરતી આ અવસરે પૂજનીય ગુરૂદેવને ભારે પડી, પરિશ્રમમાં અતિમાત્રા થઇ, એએક માઇલનો પન્થ કપાયા બાદ તેઓશ્રીને મૂર્ચ્છા આવી, મૂર્ચ્છા લગભગ પાએક કલાક ચાલૂ રહી હશે? પૂ૦ સૂરીશ્વરજીની આ ખેદજનક કાયિક પરિસ્થિતિ, ભાવુકજનોને માટે મૂંઝવણ ભરી હતી.

જ્યારે થોડીકજ વારમાં કાંઇજ ન થયું હોય તે રીતિયે મૂર્ચ્છાને અન્તે તેઓશ્રી સ્વસ્થ બન્યા, બાદ તેઓશ્રીએ અધૂરો માર્ગ પૂરો કર્યો. શારીરિક સ્વસ્થતા માટેના અન્ય ઉપચારોને અંગે શ્રાવકસંઘે વિનતિઓ કરી જ્યારે તેઓશ્રી અડગજ રહ્યા. આવા પ્રકારની ભક્તજનોની વિનવણીઓના પ્રત્યુત્તરમાં તેઓશ્રી વારંવાર એ મૂજબનું કહેતા કે–"હવે અવસ્થા છે, શરીરનો સ્વભાવ તેવાજ પ્રકારનો છે. એ એનું કાર્ય કરે આપણે આપણું કાર્ય કરવું." પરમ ગુરૂદેવના આ શબ્દોને સૌ ભક્તજનો એકચિત્તે સાંભલી લેતા, પૂ૦ સૂરીશ્વરજી પોતાની આવા પ્રકારની નાજુક શરીર પ્રકૃતિને જાણી શક્યા હતા. અને એથીજ એઓશ્રી આવા પ્રસંગે વારંવાર પોતાની નજીકના સાધુસમાજને એ મૂજબની પોતાની મુસાફરીના અન્તિમની ચેતવણી આપતા કે–

"સાચેજ મારી દૃષ્ટિ આટલાજ પ્રદેશમાં રમી રહી છે, આ આઠ દસ માઇલ જેટલા પ્રદેશથી આગળ મારી દષ્ટિ કેમેય જતી નથી." નજદિકના વાસ્તવિક પણ દુઃખદ ભાવિકાલને સૂચન કરતું પૂજ્ય સૂરિદેવનું આ કથન ગૂઢ હતું, સૌ કોઇ તેનો ઉકેલ આણી શકે તેવી સ્થિતિ ન હતી.

## આશ્રિતો પ્રત્યેની સાચી કરૂણા દૃષ્ટિ.

એ દિવસે સાંજે દોઢ માઇલ જેટલો વિહાર કરી, બીજે દિવસે પૂ૦ સૂરિદેવ પરિવાર સહ નૈનાબાદ પધાર્યા. પૂ૦ સૂરિદેવને પાટડી પધારવાનું હતું. કારણ કે પાટડીમાં થનાર ધ્વજારોપણ

મહોત્સવઆદિ પ્રસંગોને અંગે, પૂજનીય સૂરિદેવને ત્યાં પધારવા માટેની ત્યાંના શ્રીસંઘની આગ્રહભરી વિનતિઓ હતી. નૈનાબાદથી 'પાટડી' લગભગ સાત આઠ માઈલ થતું હશે, પણ એટલો વિહાર એક સમયે ખીંચી નાખવા જેટલી તેઓ શ્રીમદ્‌ની શારીરિક પ્રકૃતિ સમર્થ–નહોતી. અને વચ્ચે આવતા મુકામ પર તેઓશ્રી અને અન્ય ૭ સાત લગભગ સાધુઓના આહાર પાણીની નિર્દોષ જોગવાઈ થવી શકય ન હતી. આ વસ્તુની યથોચિત વિચારણા તે પરમ કરૂણાનિધાન સૂરિદેવે અગાઉથી કરી લીધેલી હતી, અને એટલેજ તેઓશ્રીએ સહવર્તિ સાધુઓને જણાવ્યું કે–

'વચ્ચેના ગામમાં ૭–સાત સાધુઓનો નિર્દોષ વ્યવહાર થઈ શકે તેવી સ્થિતિ નથી, માટે તમો કેટલાક પાટડી મુકામે જાઓ, બે સાધુઓની સાથે હું વચ્ચેના ગામમાં મુકામ કરી, ત્યાં આવવાની ધારણા રાખું છું." તેઓશ્રીની એ રીતિની આજ્ઞા મૂજબ, અન્ય પાંચ સાધુઓ સીધા પાટડી ગયા. આ પ્રસંગ સામાન્ય છે, છતાંયે નોંધનીય છે. કારણ આવા સામાન્ય પ્રસંગો પણ મહાન પુરૂષોના જીવનની મહામૂલ્યતાને સૂચવનારા હોય છે," સાધુજીવનના નિર્દોષ આચારો સ્વયં પાલન કરવા અને અન્ય પોતાના આશ્રિત સાધુ-સમાજને યથાશક્તિ તે કરાવવા માટે તેઓશ્રી સદા જાગૃત રહેતા.

પોતાની નિર્બલતા–યા શારીરિક અસ્વસ્થતાના કારણે પોતાને ન છૂટકે સેવવા પડતા દોષો, અન્ય પોતાના આશ્રિતોને ચાલી શકતું હોય તો ન સેવવા પડે તે માટે તેઓશ્રી ખૂબજ સાવધ હતા. આવા પ્રકારની અનુપમ ધર્મસાર્થવાહવૃત્તિના યોગે તેઓશ્રી વિહાર આદિના અવસરે સાધુઓની મંડળીને છૂટી છૂટી પાડીને, અલ્પવસ્તિક ગામોમાં નિર્દોષ વ્યવહારને માટે યથાયોગ્ય પ્રબંધ કરતા.

એવા અવસરે અલ્પવસ્તિના ગામડાઓમાં મોટા વિશાલ સાધુ-સમુદાયની સાથે વિચરી, પોતાની જાતને મહાન સાધુસમુદાયના

માલીક કહેવડાવવાનો આત્મઘાતી આડંબર મેળવવાને તેઓશ્રી સ્વપ્ને પણ નહોતા ઇચ્છતા. આવા પ્રકારની અનુપમ યોગ-ક્ષેમ-વૃત્તિના યોગે, તેઓશ્રી સાચે આશ્રિત સાધુસમાજના નાથ તરિકે જીવનની અન્તિમ પલોસુધી અખંડ રીતિએ રહી શક્યા હતા. કટોકટીની વિષમ ઘડીઓમાં પણ. તેઓશ્રીના હૈયામાં આશ્રિત સાધુસમાજને માટેની કરૂણા દૃષ્ટિ સદાયે જીવતી હતી.

## સતત અપ્રમત્ત શીલવૃત્ત—

લગભગ પોષ વદિ બારશના દિને, પૂ૦ સૂરિદેવ પરિવાર સહિત પાટડી સંઘના ભાવપૂર્ણ સત્કાર પૂર્વક-પાટડી મુકામે પધાર્યા. 'પાટડી' એ ગુજરાત અને ઝાલાવાડની લગોલગમાં આવેલું ગામ છે. ગૂજરાતના પ્રદેશની છેલ્લી હદ અને ઝાલાવાડના પ્રદેશની શરૂઆતની હદપર આવેલું આ ગામ ગૂજરાત અને ઝાલાવાડ બન્ને પ્રદેશની સરહદપર ગણાય છે. ગામની મધ્યમાં ભરચકલતાના બજારની વચ્ચે સુન્દર અને ભવ્ય જિનમન્દિર આકર્ષક રીતિયે રહેલું છે. મંદિરની ઉંચાઇ ઠીક જેવી છે. ઉપર અને નીચે એ રીતિયે બન્ને સ્થાનોપર મનોહર જિનબિમ્બો બિરાજીત છે. 'પાટડી' મુકામે પધાર્યા બાદ, પૂજનીય સૂરિદેવની શારીરિક પ્રકૃતિ પૂર્વ કરતાં ઠીક હતી. સ્ફૂર્તિ પણ એકન્દરે સારી હતી. સ્હેજ સ્ફૂર્તિ કે સ્વસ્થતા હોય કે એનો સદુપયોગ કરવાને તેઓશ્રી લગીરે મૂકતા નહિ. સવાર બપોર કે સાંજ, જ્યારે જૂઓ ત્યારે તેઓશ્રી કોઇને કોઈ સ્વ-પર ઉપકારની પરમાર્થ પ્રવૃત્તિઓમાં શશ્વત્ જોડાયેલાજ હોય. પાંસઠ વર્ષની વૃદ્ધવયે શારીરિક પ્રતિકૂલતાના સંયોગોમાં તેઓશ્રી કદીપણ પ્રમાદને વશ નહોતા થયા. કોઇક વેલાયે સૂત્ર વાંચન, કોઇક વેલાયે હસ્ત લિખીત પ્રાચીન-અર્વાચીન પ્રતોનું સંશોધન, એ વિગેરે પ્રવૃત્તિઓ તેઓશ્રીની જીવન ચર્યામાં નિયતજ થઇ ચૂકેલ હતી, તે સિવાય પઠન, પાઠન, મનન, વિગેરે વિશેષ મહત્વની પ્રવૃત્તિઓને પણ હર હંમેશ તેઓશ્રી ચાલૂજ રાખતા.

સતત પ્રવૃત્તિશીલતા તેઓશ્રીના જીવનમાં સારા પ્રમાણમાં સંકળાયેલી હતી. પ્રમાદની અતિમાત્રા તેઓશ્રીને સ્હેજ પણ સ્પર્શી નહોતી. જોકે છેલ્લાં કેટલાયે વર્ષોથી આંખના મોતીયાના અંગે તેઓશ્રીને અન્ય વાંચન લેખનનું કાર્ય ન છુટકે મોળું કરવું પડયું હતું, છતાંયે અપ્રમત્તદશા જાગૃત હોવાને કારણે સ્હેજપણ અનાવશ્યક પ્રમાદ, તેઓશ્રીને આવશ્યક પ્રવૃત્તિશીલતામાંથી ડગાવી શક્યો નહોતો.

## માનવલોકની પ્રભુભિક્તનું દૃશ્ય—

પોષવદિ અમાસના મધ્યાહ્ન સુધી, પૂ૦સૂરીશ્વરજીની આ સતત પ્રવૃત્તિશીલતા નિયમિત રીતિયે ચાલૂજ રહી હતી. પાટડીગામમાં તે અવસરે ધ્વજાદંડ અને યક્ષ—યક્ષિણીની મૂર્તિની પ્રતિષ્ઠાનો મહોત્સવ ચાલૂ હતો, તે મહોત્સવને અંગેની પૂજા પ્રભાવના—સાધર્મિકવાત્સલ્ય વિગેરેની ધર્મ પ્રવૃત્તિઓ રોજ બરોજ અતિ ઉત્સાહ અને પૂર્ણ ઉલ્લાસ વચ્ચે થઈ રહી હતી. પોષવદિ અમાસની બપોર પછી, પૂજનીય સૂરીદેવના શરીરે શરદી તેમજ તાવની કસર સ્હેજ શરૂ થઈ. બીજા દીવસે તે કસર ચાલી ગઈ, અને સકલશ્રીસંઘના હૈયામાં હર્ષનું મોજું ઉછળવા લાગ્યું. માહ સુદિ બીજના દિવસે, મહોત્સવને અંગે જલયાત્રાનો વરઘોડો હતો. શાસનપ્રભાવનાના એ અનુપમ પ્રસંગને દરેક રીતિયે ઉજવવાને માટે ત્યાંના શ્રાવકસમાજે ઉલટભેર તૈયારીઓ કરી હતી. મધ્યાહ્નના સ્ટા૦ટાઈમ લગભગ એના સુમારે વરઘોડો ચઢ્યો હતો. પૂજનીય સૂરિદેવ, સાધુપરિવારની સાથે સૌના ઉલ્લાસ અને આનંદપૂર્ણ જયધ્વનિના ગગનભેદી સરોદોની સાથે વરઘોડામાં પધાર્યા.

બરોબર બે કલાક સુધી, તેઓ શ્રીમદ્ વરઘોડામાં ખૂબ શાન્તિપૂર્વક ફર્યા. વરઘોડાની શોભા અપૂર્વ હતી. જૈનજૈનેતર સમાજના ઉલટભેર ધસી આવતા ટોળાનાં નમનોને ઝીલતો તે વરઘોડો મન્દિરની નજદીક બજાર વચ્ચે આવ્યો. પૂજનીય સૂરિદેવે, ઉપાશ્રયના આંગણે

ઉભા રહી, સકલસંઘની સાથે રથમાં બિરાજમાન પ્રભુના દર્શન કરી લીધાં, અને ત્યાં વધુ સ્થિરતા કરી લયલીન–મને તેઓશ્રીએ વરઘોડાની શોભાને ટીકીટીકીને જોયા કરી. પૂજ્ય સૂરિદેવની તે તલ્લીનતા એ, તેઓશ્રીમદ્‌ના જીવનમાં અણધારી અને નવીન જેવી લાગતી. છતાંયે કહી શકાય કે–"પૂજનીય ગુરૂદેવ પોતે જાણે પોતાના નજદીકના ભાવિનેજ જાણીને, માનવલોકના ભાવુક જનસમાજની પ્રભુ ભક્તિને નિહાલીજ રહ્યા હોય એમ લાગતું." પ્રભુભક્તિને નીરખવાનો પૂજ્ય સૂરિદેવને માટે એ આન્તમજ પ્રસંગ હતો.

## કાયોત્સર્ગના સમયે જિહ્વાસ્ખલન—

સંધ્યાનો સમય થયો હતો. આશરે સ્ટા૦ટા. સાડાછ લગભગનો સમય થયો હશે. પૂજનીય ગુરૂદેવે સાધુસમુદાયની સાથે પ્રતિક્રમણની આવશ્યક ક્રિયાની શરૂઆત કરી. ક્રમશઃ ચૈત્યવન્દન, સ્તુતિઓ, કાયોત્સર્ગ, શ્રમણપ્રતિક્રમણસૂત્ર વિગેરે સઘળુંયે પૂર્ણ સ્વસ્થતાપૂર્વક તેઓશ્રીએ કરી, બાદ અતિસાવધ રીતિયે અબ્ભુટ્ઠિયો ખામ્યો, એ રીતિયે લગભગ 'सुअदेवया'ની સ્તુતિ સુધી સઘળીયે આવશ્યક ક્રિયાઓ નિર્વિઘ્ને પાર પડી. 'सुअदेवया'ના કાયોત્સર્ગને પારીને પૂજ્ય સૂરિદેવ જ્યાં સ્વમુખે 'सुअदेवया भगवई' નો પાઠ ઉચ્ચારવા જાય છે, ત્યાં તે પાઠના શબ્દોનો ઉચ્ચાર કરતી વેલાયે તેઓશ્રીની જિહ્વા સ્ખલનને પામે છે. જિહ્વાના આવા પ્રકારના સ્ખલનને પૂજનીય સૂરિદેવ, તૂર્તજ કળી શક્યા હતા. અને સહવર્તિ સાધુ સમુદાયને પણ એ વસ્તુની તૂર્તજ સમજણ પડી ગઇ હતી. એ વેલાયે એ સમજ અસ્પષ્ટપણે પણ રહે છે, કારણકે—'ગુરૂદેવની જિહ્વાનું સ્ખલન સામાન્ય રીતિયે મંદતમ હતું.'

સુઅદેવયાના કાયોત્સર્ગને પાળ્યા બાદ પૂજનીય ગુરૂદેવે 'ક્ષેત્રદેવતા'નો કાયોત્સર્ગ કર્યો. બાદ 'नमो अरिहंताणं' પદના ઉચ્ચારપૂર્વક તેઓશ્રીએ કાયોત્સર્ગ પાળ્યો, અને 'जिस्से खित्ते साहु' એ એ

મુજબ ક્ષેત્રદેવતાની સ્તુતિનો ઉચ્ચાર કરવાને પ્રયત્ન કર્યો. પૂર્વના કરતાં જિહ્વાસ્ખલન અતિ પ્રમાણમાં હતું કે જેથી પૂજનીય સૂરિદેવને તે શબ્દોનો મુખથી ઉચ્ચાર કરવાને સારૂ પ્રયત્ન કરવાની જરૂર પડી. અતિશ્રમ લેવા છતાંયે, ક્ષેત્રદેવતાની સ્તુતિના પદો, લગભગ તેઓશ્રીના મુખદ્વારાયે અનુચ્ચરિતજ રહેવા પામ્યા. આ પરિસ્થિતિ તેઓશ્રી સહજ કળી શક્યા હતા, એટલે તૂર્તજ સહવર્તિ સાધુઓને ઉદ્દેશીને તેઓશ્રીએ કાંઇક ભાંગ્યા તૂટ્યા શબ્દોમાં ફરમાવ્યું કે—

મારી...જિ...હ્વા...સ્ખ...લ...ના...પા...મે છે તેમ તમ...ને...લાગે... ? મને એવું કાંઇક...લાગે છે. હું...એક સા...ધુની સાથે...બાકીની ક્રિયા...જૂદી,.....કરી લઉં છું...તમો બાકીની...ક્રિયા કરી લ્યો."

**સમાધિમય જાગૃત દશા—**

ચિન્તા અને શોકના વાતાવરણની વચ્ચે સૌ સંઘે બાકીની ક્રિયાઓ પૂર્ણ કરી, પૂજનીય સૂરિદેવે પણ પ્રતિક્રમણની બાકી રહેલી ક્રિયા તેમજ સંથારા પોરસી વિગેરે ક્રિયાઓ, માંડલીથી અલગ એક સાધુની સાથે કરી લીધી. એ અવસર લગભગ રાત્રીના આઠનો હશે, પૂજનીય ગુરૂદેવના જિહ્વાસ્ખલનના આ સમાચાર પાટડીના સંઘે દુઃખપૂર્વક જાણ્યા. શ્રાવકશ્રાવિકા સંઘના હૈયામાં આ શોકજનક વર્તમાનથી ફાળ પડી. સૌ સંઘ પૂજનીય સૂરિદેવની સેવામાં ઉપાશ્રયમાં હાજર થયો. રાત્રીના સમય દરમ્યાન અનેક પ્રકારના ઔષધોપચાર પાટડીના સંઘે ચાલૂ રાખ્યા, વૈદ્ય—ડોકટરો આવ્યા, અને જિહ્વાનસ્ખલનને અંગે લકવાનું નિદાન તેઓએ કર્યું, તેમજ તાત્કાલિક ચોક્કસ ઉપાયો લેવાને સૂચવ્યું. રાત્રીના સમયમાં કોઇપણ અન્ય ઔષધોપચાર થઇ શકે તેમ નહિ હોવાથી, શ્રાવક સંઘે ગરમ પાણીના શેકનો ઉપાય ચાલૂ રાખ્યો. પૂજનીય સૂરિદેવના છાતી આદિ અંગોમાં શરદીનો ઉપદ્રવ ન થવા પામે તે સારૂ, યુકોલીપ્ટ્સ તેલનું માલીસ વિગેરે પણ પ્રાથમિક ઉપાયો સાધુ તેમજ શ્રાવકસંઘે વિષાદપૂર્ણ વદને

ચાલૂ કર્યાં. આ ઉપચારોનો વિધિ લગભગ અર્ધો એક કલાક ચાલ્યો હશે, તેટલા સમય દરમ્યાન પૂજનીય સૂરિદેવની માનસિક–વૃત્તિ તદ્દન પ્રસન્ન અને સમાધિમય હતી. ગભરાટ કે અધીર વૃત્તિનો તરવરાટ તેઓ શ્રીમદ્‌ના ગંભીર અને પ્રસન્ન દેખાતાં વદનપર જણાતોજ ન હતો. ભક્ત મંડલ તરફથી થતા ઔષધોપચારને તેઓશ્રી અનપેક્ષવૃત્તિથી નભાવી લેતા.

ચોમેરે નીરવ શૂન્યતા હતી. પૂજનીય ગુરૂદેવની આસપાસ ભક્તિ ભર્યાં ભક્તોનો સમુદાય વીંટળાઇ વળ્યો હતો. વિષાદ અને દીનતાની ઘેરી છાયા તત્કાલીન વાતાવરણમાં ગમ્ભીરપણે છવાઈ હતી. સૌની દૃષ્ટિઓ–સેંકડો નેત્રો પૂજનીય સૂરિદેવને ગંભીરતાપૂર્વક નિહાલી રહ્યા હતા. તે અવસરે મૌનને તોડીને શાન્તચિત્તે અને વિકસિત વદને પૂજનીય સૂરિદેવે, એ મૂજબ ગંભીર શબ્દોમાં ફરમાવ્યું.—

"બિ...લકુ...લ ગભ...રા...વાની ...જરૂર...નથી. અ... શા...તા...ના ઉદ...ય વેલાયે મૂંઝવ...ણુ...શાની ? અ...શાતા... ને શાન્તિ...થી ભોગવવી...જ જોઇએ...સૌ સારૂં...થ...શે."

પૂજનીય સૂરિદેવ, આટલાં શબ્દોને પણ અતિશ્રમપૂર્વક ઉચ્ચારી શક્યા હતા. એ ઉચ્ચાર અસ્પષ્ટ જેવો હતો, તોયે પરિચીત સૌ સ્હમજી શકે તેવું એ સૂચન હતું. તેઓ શ્રીમદ્‌ના આવા પ્રકારની શાન્તિપૂર્વકની હિત શિક્ષાથી સૌ ભાવુકસમાજના મુખપર સ્હેજ હર્ષ અને ઉલ્લાસની આછી છાયા તરવરવા લાગી. "સૌ...સારૂં... થશે..."... એ મૂજબના પૂજનીય ગુરૂદેવના આશ્વાસન–શબ્દોથી સૌના હૈયામાં કંઇક ધીરતાનો ઉગમ થયો. આ સઘળીયે ગંભીર ગણાતી પૂજનીય સૂરિદેવની શારીરિક પરિસ્થિતિમાં, સૌ ભક્તમંડલ જ્યારે સચિન્ત બન્યો હતો, ત્યારે તેઓથી તો સદાની જેમ જાણે કાંઇજ ન બનવા પામ્યું હોય તેમ એની એજ મુખની પ્રસન્નતા અને હૈયાની અન્તર તેમજ બાહ્ય સમાધિમય જાગૃતદશાને

અખંડિત રાખી શક્યા હતા.

ધન્ય લોકોત્તર પુરૂષોનીએ લોકોત્તર માનસિક દશાને ! !

## અન્તિમની સાવધાન સ્થિતિ—

પણ એટલામાંજ તેઓશ્રીની કાયપ્રકૃતિ વધુને વધુ પરિવર્તન પામવા લાગી, લકવાનું તૂર્ત લાગુ પડેલું દર્દ તે અવસરે વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે, તે અગાઉ તેઓશ્રીનું જુનું શ્વાસનું દરદ ઉપડયું. શીઘ્રગતિયે શ્વાસ ચાલુજ રહ્યો. વાતાવરણમાં વધુ ગંભીરતા આવી, સૌ સાધુ-શ્રાવક સમાજના મુખપર વિષાદની વધુ ઘેરી છાયા આ બનાવથી ફરી વળી. ઔષધોપચાર ચાલુ હોવા—છતાંયે પૂજનીય સૂરિદેવની કાયિક પ્રકૃતિમાં પરિવર્તન ન આવ્યું, શ્વાસનું દરદ વધુ ગંભીર બનવા લાગ્યું. પૂજનીય ગુરૂદેવને આ પરિસ્થિતિ તદ્દન અસ્પૃશ્ય રહી હતી. સ્હેજ ચિન્તા કે અન્ય વિચારણાઓ તેશ્રીમદ્‌નેજ હતીજ નહિ, સિવાય સમાધિ માટેનું અપૂર્વ આત્મચિન્તન. શ્રાવકસમાજ, ઔષધનાં ઉપચારોને માટે અતિ ઉત્સુકપણે પ્રયત્નો ચાલૂ રાખ્યાજ કરતો, પાટડીની જનરલ હૉસ્પીટાલના ડૉકટરને પણ શ્રાવકસમાજે પૂજનીય સૂરિદેવની કાયિક પ્રકૃતિને જોવાને બોલાવ્યા હતા. એ ડૉકટરે પૂજનીય ગુરૂદેવને સારૂ ઔષધોપચાર કરવાને કહ્યું.

શ્વાસોશ્વાસની તીવ્રતાથી પૂ૦ પરમગુરૂદેવે પોતાના જીવનકાળની અસ્તિતાનું માપ કાઢીનેજ રાખ્યું હતું, સમય આવી લાગ્યો હોય એવું સ્પષ્ટદર્શન તેઓશ્રીને થવા લાગ્યું. તેઓશ્રીએ તૂટતા શબ્દોમાં ધીરતા અને પ્રસન્નતાપૂર્વક તે અવસરે ફરમાવ્યું કે—"બસ ...હવે...મુસા...ફરી...પૂર્ણ...થવા...આવી... છે. સમાધિમાં... રાખનારા...શબ્દો...મને...સંભળાવ્યા.. કરવા....હું...શુદ્ધિમાં છું... મારાથી બોલી શકાતું નથી."

પૂ૦ સૂરિદેવના આ શબ્દો, તેઓશ્રીની પરિચર્યામાં ત્યાં બેઠેલ સાધુ અને શ્રાવકવર્ગના શોકમાં વધારો કરનારા નીવડ્યા, સૌના

મુખપર શ્યામતા પથરાઈ ગઈ, વાતાવરણની ગંભીરતામાં ઓર વધારો થયો. ડૉક્ટર, વૈદ્ય આદિ સઘળાયે તે વેલાયે પૂ૰ સૂરીશ્વરની આવા પ્રકારની અનુપમ સાવધાન દશાને જોઇને નવાઇને પામ્યા. ડૉક્ટર આદિએ, તે વેલાયે અંબર વિગેરે અણાહારી દવા આપવાને સૂચવ્યું. તાત્કાલિક ગરમીને આણવા માટેના તે અણાહારી ઔષધને માટે, ત્યાં રહેલ સૌએ એકમત દર્શાવ્યો. પણ તે વેલાયે પુનઃ સૂરિદેવે ધીરે સ્વરે, અટકતી વાણીમાં સૂચવ્યું કે—

"હવે...એ...બાહ્ય ઉપ...ચારો...કરવાની...જરૂરજ...નથી. મને સમાધિ...માટે...સંભળાવવું...ચાલૂ...રાખશો...હું...સર્વ... કોઇને...ખમાવું...છું"

વધુ બોલવાની ઇચ્છા હોવા છતાંયે, બસ આટલા શબ્દોચ્ચાર બાદ તેઓશ્રી કાંઇજ ન બોલી શક્યા. છતાંયે હાથના ઇસારાથી આરાધના તેમજ સમાધિ ટકી રહે તે માટે સ્તવન–સ્વાધ્યાયને સાંભળવાને સૂચવતા હતા, સમાધિને અખંડિત રાખવાને સારૂની તેઓશ્રીની ઉત્સુક્તા અતિ પ્રમાણમાં હતી. આ સ્થિતિ લગભગ સ્ટા-સમય નવ અને દસ મીનીટ સુધી રહી, ત્યાર બાદ તેઓ શ્રીમદ્‌ના નેત્રો મીંચાવા લાગ્યા, બરોબર નવને બાર તેર મીનીટના સમયે એ પૂજનીય સાધુચરિત સૂરિદેવનો આત્મા, પૂર્ણ સમાધિપૂર્વક વિશાલકાય સાધુસમાજ અને ભક્તિ–વાસિત અગણ્ય શ્રાવક–શ્રાવિકાસમાજને રડવડતો મૂકીને મર્ત્યલોકમાંથી વિદાય થયો.

**અનેક ગુણોમાંના બે ગુણો—**

પૂજનીય સૂરીશ્વરના મૃત્યુકાલની આસપાસમાંના આ પ્રસંગો, તેઓશ્રીના જીવનની અનુપમ સાધકદશાનો સુન્દર ખ્યાલ આપી શકે તેમ છે. જીવનભરની ઉત્તમ સાધનાઓના પ્રતાપેજ પૂજનીય ગુરુદેવની અન્તિમ ઘડિઓ આ રીતિયે અનુપમ અને અખંડ જાગૃત દશામાં પસાર થઈ શકી. જીવનભરની તીવ્ર સાધકદશા અને જાગૃત

વૃત્તિ વિના આવી પરિસ્થિતિમાં ધીરતા તેમજ સ્વસ્થતા રહેવી એ લગભગ દુઃશક્યજ કહી શકાય, જ્યારે પોતાનો વિશાલકાય સાધુપરિવાર પોતાથી દુર પ્રદેશમાં હોય, અને ફક્ત સાત આઠ સાધુના પરિવારની વચ્ચે પોતે મૂકાય, અન્તિમ અવસરના એ વસમા પ્રસંગે સમાધિ અને આત્મભાવની જાગૃતિ રહેવી એ તેઓ-શ્રીમદ્દને માટેજ સંભાવ્ય ગણી શકાય.

તેઓ શ્રીમદ્દના જીવનની આ સામાન્ય નોંધને અત્રે શબ્દોમાં ટપકાવવાનું મુખ્ય કારણ, તેઓશ્રીના અસાધારણ વ્યક્તિત્વને સમજવા માટેનું છે. તેઓશ્રીના અનુપમ કોટિના ગુણોએ, તેઓ શ્રીમદ્દમાં સાચેજ મહત્તા આણી હતી. એ સઘળાયે ગુણોનું પૃથ-કકરણ કરીને, તેના વિસ્તૃત વિવેચનમાં ઉતરવાનું સામર્થ્ય મારામાં નથી, છતાંયે કહેવું જોઇએ કે—પૂજનીય સૂરિદેવના જીવનમાં તાણા–વાણાની જેમ સંકળાયેલ ગુરૂસેવા અને અસાધારણ નિખા-લસતાએ, તેઓ શ્રીમદ્દને સાચેજ 'વંદનીય વિભૂતિ' તરિકેની કોટિમાં મૂકેલ હતા.

## સ્વ–પર સિદ્ધાન્ત વેદિતા—

સમર્થ વિદ્વાન અને શાશનપ્રભાવક વિશાલકાય સાધુસમુ-દાયના જે ચિરંજીવ અને એકછત્રી આધિપત્યને અખંડ રીતિયે પૂજનીય સૂરિદેવ ભોગવવાને ભાગ્યશાલી બન્યા હતા, તેના મૂલ કારણ તરિકે પણ તેઓ શ્રીમદ્દની અસાધારણ નિખાલસતા અને મહત્તાજ કહી શકાય. તપોજીવી પૂજનીય સૂરિદેવના જ્ઞાન ગુણને અંગે પણ અમુક પ્રકારની વિશિષ્ટતા ચોકકસ તરવરતી હતી. પૂજનીય ગુરૂદેવ જે વિષયનો અભ્યાસ હસ્તગત કરે કે તે વિષયનો તેઓ શ્રીમદ્દનો પડતો બોલ ટંકશાલ બનતો. માટેજ જ્યોતિષના વિષયમાં તેઓશ્રીનું જ્ઞાન, તેઓ શ્રીમદ્દનો અનુભવ, સા કોઇને માટે માન્ય અને સ્વીકાર્ય ગણાતો. કોઈપણ કારણે પ્રતિસ્પર્દ્ધીભાવને

પામેલાઓ પણ તેઓ શ્રીમદ્દના આ વિષયના અનુભવને પ્રમાણભૂત ગણતા.

દીક્ષા પ્રતિષ્ઠા, આદિના મુહૂર્તો માટેનો છેલ્લામાં છેલ્લો નિર્ણય પૂજનીય સૂરિદેવનોજ સ્વીકાર્ય ગણાતો. જૈન કે ઇતર સમાજના તે વિષયના નિષ્ણાતો અને અનુભવીઓ તેને અંગે પૂજનીય સૂરિદેવની સેવામાં આવીને ચોક્કસ નિર્ણયો મેલવી જતા. પરમેષ્ઠિના ત્રીજા મહામૂલ્યવાન જુવાબદાર સ્થાનને માટેની અનેક પ્રકારની જુવાબદારીઓને અદા કરવાને સારૂ, પૂજનીય સૂરિદેવ ખૂબજ કડક અને ઉગ્ર મનોવૃત્તિના હતા. એથીજ તેઓ શ્રીમદ્, આચારધર્મની પાલનાને વધુ મહત્વ આપતા. અપ્રમાદદશા, વિહાર, વિગેરે સાધુજીવનની સામાન્ય કે વિશેષ આચારપાલનાને માટે તેઓશ્રીએ પોતાના જીવનકાલ દરમ્યાન કદિયે ઉપેક્ષાવૃત્તિ દાખવીજ નથી. શરીરનો બાંધો સામાન્ય રીતિયે સ્થૂલ હોવા છતાંયે, વિહાર માટે તેઓશ્રીને સ્હેજ પણ કંટાલો આવ્યોજ નથી. અનેક પ્રતિકૂલતાઓનો સામનો કરીને પણ તેઓશ્રીએ ભારતવર્ષના ચારે ખુણાને પાદવિહારથી પવિત્ર કરેલ હતા. પંજાબ, બંગાલ, રાજપુતાના, મારવાડ, મેવાડ, માલવા, ગુજરાત, કાઠીઆવાડ, કોંકણ, મહારાષ્ટ્ર વિગેરે સઘળાયે પ્રદેશોની સ્પર્શના પૂજનીય સૂરિદેવે કરી હતી.

આટલો સતત વિહાર અને સતત આચારધર્મનું પાલન છતાંયે સૂત્રસિદ્ધાન્તોના અભ્યાસ અને પરિશીલન તેઓશ્રીમદ્દે જીવનની અન્તિમ પળો સુધી ચાલૂજ રાખેલ હતા. પૂજનીય સૂરિદેવની સ્મરણ શક્તિ પણ ખૂબજ સતેજ હતી, કે જેથી એ પરિશીલનના પરિપાકરૂપે સઘળીયે શાસ્ત્રીય વિગતો પૂજનીય ગુરૂદેવને લગભગ કંઠસ્થ જેવી હતી.

વિધિ વિધાનોની બાબતો તેમજ અન્ય પણ અનેક શાસ્ત્રીય વિષયોને અંગેની ગૂંચોના પ્રસંગોને તેઓશ્રીમદ્ તદ્દન સ્પષ્ટપણે ઉકેલી દેતા. પૂજનીય સૂરિદેવની એ અદ્‌ભૂત સ્મરણશક્તિ અને

સૂત્રસિદ્ધાન્ત તેમજ વિધિવિધાનોને અંગેની પરિશીલન પ્રવૃત્તિના મૂર્તફલરૂપે, સૂત્ર–સિદ્ધાન્તારૂઢ વિધિવિધાનો તેમજ અનેક અન્ય વિગતોને શાસ્ત્રીય રીતિયે સીધી સાદી લોકભાષામાં રજૂ કરતા "વિવિધ પ્રશ્નોત્તર" ભા-૧-૨-ગ્રન્થો, જૈનસમાજ સમક્ષ રજૂ થએલ આપણે આજે જોઇ શકીયે છીએ. સાચેજ એ લોકભોગ્ય સરલગ્રન્થોના વાંચન અને મનનથી તત્ત્વરૂચિ ધરાવનાર આત્માઓ, અનેક પ્રકારે આરાધનાના માર્ગે પ્રગતિ કરી શકે તેમ છે, અને જૈન સિદ્ધાન્તના ઐદંપર્યને જ્ઞાત કરી શકે તેમ છે.

## શ્રમણતાના ઇતિહાસમાં અગ્રણી—

આજે તો એ પૂજનીય સાધુચરિત સૂરિવર આપણી આસપાસમાં નથી. છેંતાલીસ છેંતાલીસ વર્ષના અસિધારા સમ અનુપમ સાધુવ્રતની નિર્દોષ અખંડિત આરાધનાને કરી, વિ. સં. ૧૯૯૨. વી. સં. ૨૪૬૨ના માઘશુક્લા દ્વિતીયાની રાત્રિના સ્ટા૦ ટા૦ ૯ કલાકને ૧૨ મીનીટે એ પૂજનીય સાધુપુરૂષ આપણી આસપાસથી વિદાય થયા. પણ એઓશ્રીમદ્ તેવા પ્રકારનો મહાન્ અને અવિસ્માર્ય ઉપકાર આપણા પર કરીને ગયા છે–કે જેનું ઋણ ભવોભવના સુકૃતદ્વારાયે પણ અદા કરવું તે આપણા જેવા માટે દુઃશક્ય તો છેજ. ધર્મારાધના માટે વિષમ ગણાતા આ યુગમાં પણ અનેક ભાવુકધર્મિ આત્માઓને ધર્મસાધનાના અનુપમ માર્ગે પ્રેરણા આપી રહેલ જંગમકલ્પતરૂ પુજ્યપાદ શાસનપ્રભાવક સિદ્ધાન્ત મહોદધિ દ્રવ્યાનુયોગનિષ્ણાત પ્રખર સિદ્ધાન્તરૂચિ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા** તેમજ પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક અનુપમ વ્યાખ્યાતા આચાર્યદેવ **શ્રીમદ્વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજા તેમજ પરમશાસનપ્રભાવક સમર્થ વિદ્વાન ઉપાધ્યાયજી **શ્રીમદ્ જમ્બૂવિજયજી મહારાજા**, તેમજ પૂજ્ય મુનિરાજ **શ્રીમદ્ મંગલવિજયજીમહારાજ** વિગેરે વિદ્વાન ક્રિયારૂચિ

શિષ્ય-પ્રશિષ્ય સાધુસમુદાય, એ પણ તે પૂજનીય સાધુચરિત સ્વર્ગીય સૂરિવરનું અલૌકિક અને અજોડ સંભારણું છે.

પૂજનીય સૂરિદેવના, જીવનની કેટલીક વિગતોને સ્પર્શીને, અન્તે આ રીતિયે આ નિબંધ પૂર્ણ કરવોજ રહ્યો. તેઓ શ્રીમદ્દના જીવનને લગતી કેટલીયે વિગતો હજીયે અપ્રકટજ રહેવા પામી છે, સાધન અને સંયોગોની અનુકૂલતાના અભાવે હાલ આમાંજ સંતોષ માનવો પડે છે. અન્તે પૂજનીય સાધુચરિત સ્વર્ગીય પરમ-ગુરૂદેવ સૂરિવરના જીવનના મૂલ્યને મોલવવાને સારૂ એક લેખકની આ પંક્તિઓ બસ થઇ પડશે—

"અપૂર્વ જ્ઞાનપ્રિયતા, અસાધારણ વિદ્વત્તા, કઠોર વ્રતપાલન, આ ત્રિવેણી સંગમના દૃષ્ટાન્તભૂત શ્રીમદ્-વિજયદાનસૂરિજી, આધુનિક શ્રમણતાના ઇતિહાસમાં અગ્રગણ્યમાંના એક છે."

## "અમરતપો એ સાધુચરિત સૂરીશ્વરજી"

કાર્તિક શુકલા-૫. સૌભાગ્યપંચમી વિ૦સં-૧૯૯૬ વી૦સં-૨૪૬૬,

પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક આચાર્યદેવ
શ્રીમદ્‌વિજયરામચન્દ્રસૂરિ—વિનેયાણુ
મુનિ કનકવિજય
ભૂલેશ્વર, લાલબાગ, મુંબાઈ-૪
તા. ૧૬-૧૧-૩૯ ગુરૂવાર

# પૂ. આચાર્યશ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈનગ્રન્થમાલા

**પ્રાપ્તિસ્થાન–મા. હીરાલાલ રણછોડભાઈ, ગોપીપુરા—સુરત**

| ગ્રન્થાંક | નામ | કિંમત |
| --- | --- | --- |
| ૧ | મૌન એકાદશી કથા પદ્ય ... ... | ૦—૧—૦ |
| ૨ | યવરાજર્ષિ કથા પદ્ય ... ... | ૦—૧—૩ |
| ૩ | શ્રી શ્રીપાલચરિત્ર પદ્ય ... ... | ભેટ |
| ૪ | શ્રીઉપધાન વિધિ ... ... ... | ભેટ |
| ૫ | શ્રીસામાયિકસૂત્ર વિધિસહિત ... ... | ભેટ |
| ૬–૭–૮ | શ્રીનિશીથચૂર્ણિ સભાષ્ય [સાઈકલોસ્ટાઈલ્ડ કોપી] | |
| ૯ | શ્રીપ્રતિક્રમણ સૂત્રપદ વિવૃતિ ... ... | ૦—૬—૦ |
| ૧૦ | શ્રીયોગશાસ્ત્ર [આન્તરશ્લોક અને ઉપયોગિશ્લોકયુક્ત] | ભેટ |
| ૧૧ | શ્રીપિંડવિશુદ્ધિ સટીક ... ... | ૧—૧૨–૦ |
| ૧૨ | શ્રીજિનગુણગાન અમીધારા સ્તવનાવલી ... | ભેટ |
| ૧૩ | વિવિધ પ્રશ્નોત્તર ભાગ બીજો | ભેટ |
| ૧૪ | સુવ્રત ઋષિ કથા ... ... | ભેટ |
| ૧૫ | લઘુપ્રવચનસારોદ્ધાર ... ... | ભેટ |
| ૧૬ | આવશ્યક નિર્યુક્તિ દીપિકા [શ્રી માણિક્યશેખરસૂરિકૃત] | |
| ૧૭ | પ્રાચીન સજ્ઝાય કર્ણિકા ... ... | ૦—૨—૦ |
| ૧૮ | સ્વાધ્યાયદોહન [પ્રાચીનસૂરિસંદબ્ધ જિનસ્તવનાદિ સંગ્રહ] | |
| ૧૯ | પ્રાચીન સજ્ઝાય તથા પદસંગ્રહ ભા. ૧લો | ૦—૧૨–૦ |
| | કુબેરદત્તા (ગુજરાતી) | ૦—૧—૦ |
| | રાજર્ષિપ્રસન્નચંદ્ર ,, | ૦—૧—૦ |
| | આદર્શ આર્યા ,, | ૦—૧—૦ |
| | નવસ્મરણમૂલ | ૦—૧—૦ |

## પૂ. આ. દાનસૂરિ જૈન ગ્રંથમાળામાં મળતાં પુસ્તકોનું લીષ્ટ.

| ગ્રંથાંક | નામ | કિંમત |
|---|---|---|
| ૧ | મૌન એકાદશી કથા (પદ્ય) | ૦- ૧-૦ |
| ૨ | યવરાજર્ષિ કથા (પદ્ય) | ૦- ૧-૦ |
| ૯ | પ્રતિક્રમણસૂત્રવૃત્તિ | ૦- ૬-૦ |
| ૧૧ | પિંડવિશુદ્ધિ સટીક | ૧-૧૨-૦ |
| ૧૩ | વિવિધ પ્રશ્નોત્તર ભા. ૨જો | ૦- ૩-૦ |
| ૧૫ | લઘુપ્રવચનસારોદ્ધાર મૂલ | ભેટ |
| ૧૬ | આવશ્યકનિર્યુક્તિદીપિકા ભા. ૧લો | ૩- ૮-૦ |
| ૧૮ | સ્વાધ્યાયદોહન | ૦- ૨-૦ |
| ૧૯ | પ્રાચીન સજ્ઝાય તથા પદસંગ્રહ ભાગ ૧લો | ૦-૧૨-૦ |
| ૨૧ | પ્રાચીન સિદ્ધગિરિ સ્તવનાવલી | ૦- ૬-૦ |
| ૨૬ | યુગાદિદેશના (પદ્ય) | ૧- ૦-૦ |
| ૨૭ | આરાધના સાર | ભેટ |
| ૨૮ | પ્રતિમાપૂજન | ૦- ૮-૦ |
| ૨૯ | આવશ્યકનિર્યુક્તિદીપિકા ભા. ૨જો | ૨- ૦-૦ |

પ્રાપ્તિસ્થાન

આચાર્ય શ્રીવિજયદાનસૂરીશ્વર જૈન ગ્રંથમાલા

ગોપીપુરા—સુરત.

તા. ક: પોષ્ટેજ તથા પેકીંગ ચાર્જ જુદો પડશે.